# બેંકની મુલાકાત

તા.27/12/2024

શુક્રવાર

આજરોજ કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા શાળાના કોમર્સ વિભાગના વિદ્યાર્થીઓને બેન્ક ઑફ બરોડા(BOB) કે જે ચાર કોશિયાનાકા લુણાવાડા ખાતે આવેલી છે તેની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. બેંકમાં પહોંચી વિદ્યાર્થીઓએ બેંકમાં દર્શાવવામાં આવેલ અલગ અલગ પ્રકારની નોટિસ,સૂચનાઓ તેમજ બેંકમાં રાખવામાં આવેલી સાધન સામગ્રીનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું હતું ત્યારબાદ બેંકના એક કર્મચારીશ્રી દ્વારા બેંક વિશે, ખાતાઓ વિશે, ફિક્સ ડિપોઝિટ, આર.ડી, લોન,લોનના વ્યાજ, બેંક દ્વારા આપવામાં આવતી લોકરની સુવિધા, એટીએમ મશીન, મોબાઈલ બેન્કિંગ નેટબેન્કિંગ, બેંકના ગ્રાહક તરીકેની જવાબદારી-ફરજો વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા મૂંઝવતા પ્રશ્નો બેંકના કર્મચારી શ્રી ને પૂછવામાં આવ્યા હતા તથા બેંકના કર્મચારી શ્રી એ યોગ્ય ઉત્તર આપી વિદ્યાર્થીઓની મૂંઝવણ દૂર કરી હતી. આમ વિદ્યાર્થીઓએ બેંકની મુલાકાત લઈ બેંકના કાર્યોની માહિતી પ્રાપ્ત કરી હતી તેમજ બેંકની કામગીરીનુંપ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું.


बैंक ऑफ़ बडौदा
Bank of Baroda
Bank of Baroda



